# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૪/ક્વા-૦૧/૨૦૨૧-૨૨/૧૯૯ તા.૦૮.૦૯.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૦૪/ક્વા-૦૧/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી એકકોર્ડ પ્લાસ્ટિક ગામ – જુનાગઢ

સબડીવીઝન: જીઆઈડીસી - જુનાગઢ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જુનાગઢ શહેર

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: શુક્રવાર (૧૩.૦૮.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૩.૦૮.૨૦૨૧ (શુક્રવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,જયભારત સાથ વિનંતીથી જણાવવાનું કે અમો જુનાગઢ શહેરમાં જીઆઈડીસી સબ.ડી. માં એકોર્ડ પ્લાસ્ટિકના નામે ૬૧.૦ કિ.વો. નું ઔદ્યોગિક હેતુ માટેનું ૩૦૯૦૧/૫૭૫૬૨/૩ ગ્રાહકનંબર વાળું વિજજોડાણ ધરાવીએ છીએ.અમારા આ વિજજોડાણનું મિટર તા.૦૯/૦૨/૨૦૨૧ ના રોજ પીજીવીસીએલના અધિકારી દ્વારા ચેક કરી બદલવામાં આવેલ હતું આ મિટર તા.૦૮/૦૩/૨૦૨૧ ના રોજ પીજીવીસીએલની લેબોરેટરીમાં ચેક થયેલ જેના અનુસંધાને પીજીવીસીએલ દ્વારા અમોને તા. ૩૦-૦૩-૨૦૨૧ ના રોજ મિટર ધીમાં હોવા અંગેનું લાંબાગાળાનું

એકીસાથે રૂ.૮૩૦૦૧૭/-(અંકે રૂપિયા આઠ લાખ ત્રીશ હજાર અને સતર) નું મોટી રકમનું બિલ આપવામાં આવેલ છે જે ખરેખર આઘાતજનક છે.અમારા આ વિજજોડાણનું દરેક મહીને પીજીવીસીએલના અધિકૃત પ્રતિનિધી દ્વારા મિટરરિડીંગ વાંચી બિલ બનાવવામાં આવે છે જે અમારા દ્વારા નિયમીત રીતે સમયમર્યાદામાં ભરપાઈ કરવામાં આવે છે. ઉપરાંત સમયાંતરે અમારા આ મિટર પીજીવીસીએલ દ્વારા ચેક પણ કરવામાં આવે છે આમ છતાં અમોને એકીસાથે ખુબ જ લાંબા સમયગાળાનું ભરપાઈ ન થઈ શકે તેવું મોટી રકમનું બિલ આપવામાં આવેલ છે જે ખરેખર અન્યાયકર્તા છે અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ છે. અમારી આર્થિક સ્થિતી પણ એવી નથી કે આટલી રકમ અમો ભરપાઈ કરી શકીએ.આથી આપ સાહેબને અમારી આગ્રહપૂર્વકની વિનંતી છે કે અમોને આ અન્યાયકર્તા રીતે બિલ આપવામાં આવેલ છે તે અંગે અમોને ન્યાયના હિતમાં રૂબરૂ સાંભળી ન્યાય આપવા વિનંતી. સહકારની અપેક્ષા સહ....આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ગ્રાહકનું નામ : એકોર્ડ પ્લાસ્ટીક
ગ્રાહક નં. ૩૦૯૦૧/૫૭૫૬૨/૩ LTMD 61 KW
કનેકશન તા. ૧૫.૦૮.૨૦૦૭

3.૧ સદર ગ્રાહકનું વિજ મીટર અત્રેની કચેરી દ્વારા તા. ૦૯.૦૨.૨૦૨૧ના રોજ સ્થળ તપાસણી કરતા તેમજ મીટરનો એકયુચેક ટેસ્ટ લેતા સદર વિજ મીટર ૩૬.૦૬% સ્લોનેશ માલુમ પડેલ. જેથી ચેકીગ શીટ નં. ૧૬૧૭૩ તેમજ પ્રફોર્મા-૧૫ નં.૧૩૯૦ તા. ૦૯.૦૨.૨૦૨૧ મુજબ સદર મીટર લેબ ચકાસણી અર્થે ઉતારી પેપર પેક કરવામાં આવેલ. ત્યારબાદ તા. ૦૮.૦૩.૨૦૨૧ના રોજ સદર મીટરની લેબ ચકાસણી કરવામાં આવેલ.

3.૨ સદર મીટરની લેબ ચકાસણી કરતા લેબ રીપોર્ટ મુજબ R-ફેઇઝની PT વિજ મીટરને મળતી નથી જેથી એમ.આર.આઈ. રીપોર્ટનો વિશેષ અભ્યાસ કરી આગળની કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ. જેથી અત્રેની કચેરી દ્વારા એઅમ.આર.આઇ. રીપોર્ટનો ઉંડાણ પુર્વકનો અભ્યાસ કરી વિજ મીટરને જે સમયગાળા માટે એક ફેઇઝની PT મળેલ નથી તેટલાજ સમયગાળાનું એમ.આર.આઈ. ડેટા મુજબ ૩૬.૦૬% સ્લોનેશનું પુરવણી બીલ રૂા. ૮૩૦૦૧૭.૦૫ અત્રેની કચેરીના પત્ર નંબર ૧૭૨૧ તા. ૩૦.૦૩.૨૦૨૧ ના રોજ ગ્રાહકને ઈસ્યુ કરવામાં આવેલ.

3.3 જે પુરવણી બીલ રૂા. ૮૩૦૦૧૭.૦૫ સદર ગ્રાહક ખાતે ઉધારવામાં આવેલ છે. જે સંદર્ભએ ગ્રાહક દ્વારા તા. ૦૫.૦૪.૨૦૨૧ના રોજ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, પી.જી.વી.સી.એલ., રાજકોટ ખાતે અરજી કરેલ છે. જે પત્ર નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૦૪/કવા-૦૧/૨૦૨૧-૨૨/૧૫૩ તા.૨૭.૦૪.૨૦૨૧થી અત્રેની કચેરીને મળેલ છે.જે સદર ગ્રાહક ખાતે ઉધારવામાં આવેલ, ગ્રાહક દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમા સદર બાબતે રજુઆત કરેલ છે.પે/વિ કચેરી જીઆઈડીસી જુનાગઢ દ્વારા આપેલ સ્લોનેશ બીલ નિયમોનુસાર છે અને ભરવાપાત્ર છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે ઉપરોક્ત મુદ્દા નં. ૩.૨ તથા ૩.૩ મુજબ જે સ્લોનેશ બિલ આપવામાં આવેલ છે જે નિયમોનુસર હોય અરજદાર શ્રી એ ભરવાપાત્ર થાય છે.

૪.૨ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૩ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯